ઈમ્પેક્ટ ફીની જટીલ પ્રક્રિયા સામે આક્રોશ

મકાનમાં બનાવાયેલા શેડને પણ ઈન્પેક્ટ ફી હેઠળ આવરી લેવાની નીતિ સામે મકાન માલિકોમાં ઉગ્ર રોષ

ગાંધીનગર, તા. ૫

શહેરમાં ઈમ્પેક્ટ ફી ના મામલે તદ્દન નબળો પ્રતિસાદ સાંપડ્યો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયું છે. ગુડા દ્વારા ગેરકાયદેસર બાંધકામને નિયમિત કરવા હાથ ધરાયેલ ઈમ્પેક્ટ ફી વસુલવાના અભિયાનના અંતે પણ નક્કર પરિણામ મળે તેવી સ્થિતિ વર્તાતી નથી. કોર્પોરેશનના મિલ્કતવેરાના બોજ વચ્ચે ઈમ્પેક્ટ ફી ની જટીલ અને ખર્ચાળ પ્રકીયા માટે બહુ ઓછા અરજદારોએ રસ દાખવ્યો હોવાનો સૂર પ્રબળ બન્યો છે. બીજી તરફ ઈમ્પેક્ટ ફીના કાયદા માટે હજી પણ વ્યવહારૂ નીતિ અપનાવવી જોઈએ તેવી લોકલાગણી પ્રવર્તી છે. પોતાના મકાન અને માર્જીન વિસ્તારમાં વરસાદથી રક્ષણ મેળવવા બનાવાયેલા શેડને પણ ઈમ્પેક્ટ ફી હેઠળ આવરી લેવાની નીતિ સામે નગરજનોમાં ઉગ્ર આક્રોશ ભભૂક્યો છે. ઈમ્પેક્ટ ફીના મામલે અયોગ્ય નીતિ સામે વિરોધના મંડાણ થયા છે. ત્યારે આગામી દિવસોમાં આ જનઆક્રોશ આંદોલનની દિશા પકડે તેવી સ્થિતિ છે.

ગુડા સ્પષ્ટ નીતિ જાહેર કરે તેવી માંગ સાથે આંદોલનની ચિમકી

ગુડા દ્વારા ઈમ્પેક્ટ ફી ની વસુલાત માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે ત્યારે મકાનમાલિકો દ્વારા માર્જીનની જગ્યામાં બનાવાયેલ શેડ બાંધકામની વ્યાખ્યામાં ન આવતા હોવાના આક્રોશ સાથે નગરજનોએ આ મામલે ગુડાને સ્પષ્ટ નીતિ જાહેર કરવા ઉગ્ર માંગ કરવામાં આવી છે જ્યારે ઈમ્પેક્ટ ફીની પ્રકીયા ખર્ચાળ અને જટીલ હોવાથી તેની મુદત લંબાવવા પણ સૂર ઉઠવા પામ્યો છે. ઈમ્પેક્ટ ફી માટે આગામી તા. ૧૯ ઓગષ્ટ આખરી નક્કી કરવામાં આવી છે. પરંતુ આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ આ મુદત પણ લંબાવવાની લાગણી પ્રબળ બની છે. આ મામલે જનઆક્રોશ આંદોલનની દિશા પકડે તે પૂર્વે ગુડાના ચેરમેન પણ આ અંગે ઘટતી કાર્યવાહી કરવામાં રસ દાખવે તેમ પણ જણાવ્યું છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ શહેરીજનો પાસેથી તગડો મિલ્કતવેરો વસુલવાનુ શરૂ કરી દેવાયું છે. મિલ્કવેરાની અસમાન નીતિ નાગરિકોના ગળે હજુ ઉતરી નથી. બીજીતરફ ગુડા કક્ષાએથી હાથ ધરાયેલ ઈમ્પેક્ટ ફીના કાયદાના વમળની પ્રકીયા સંદર્ભે પણ જનઆક્રોશ ભભૂક્યો છે. ઈમ્પેક્ટ ફી માટે અપનાવાયેલી નીતિ પણ યોગ્ય ન હોવાના મામલે વિવાદનો મધપુડો છંછેડાયો છે. છેલ્લા કેટલાક સમયથી ગુડા દ્વારા સેક્ટરે સેક્ટરે ઈમ્પેક્ટ ફીના સંદર્ભે પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરંતુ ગુડાના આ જનજાગૃતિ અભિયાનના અંતે પણ ઈમ્પેક્ટ ફી ના મામલે હજુ ઓછા અરજદારોએ રસ દાખવ્યો છે. ગાંધીનગર ખાતે મેગાસીટી સહીત રાજ્યના મોટાભાગના શહેરોમાં કેટલાક બિલ્ડરો દ્વારા તાણી બંધાયેલા બિલ્ડીંગોમાં આડેધડ બાંધકામો કરી દેવાયા છે. જ્યારે હવે સઘળા બાંધકામોનિયમિત કરવા ઈમ્પેક્ટ ફીનો કાયદો અમલી બનાવાયો છે ત્યારે ઈમ્પેક્ટ ફી ની જટીલ અને ખર્ચાળ પ્રકીયા પણ આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બની છે. પ્લોટધારકોએ મકાનમાલિકે વધુ ખર્ચ કરવો પડે છે. ઈમ્પેક્ટ ફીના ત્રણ ભાગમાં તૈયાર કરાયેલ ફોર્મમાં રૂ. ૧૦૦ના સ્ટેમ્પ પેપર તેમજ નાટરાઈઝ કરવાનો ખર્ચ પણ વધારાનો થઈ પડે તેમ હોવાનો આક્રોશ સેવાઈ રહ્યો છે. આવા સંજોગોમાં ઈમ્પેક્ટ ફીના કાયદાના સમય માટે યોગ્ય નીતિ અપનાવવા માટે વિચારણા હાથ ધરાય તે અનિવાર્ય હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. શહેરમાં મોટાભાગના મકાનમાલિકોએ માત્ર શેડ બનાવ્યા હોવાથી આ મામલે ગુંચવણભરી સ્થિતિ સર્જાઈ છે. જ્યારે ગુડા દ્વારા આ પ્રક્રિયાને સરળ બનાવવા સ્થળ પર ચકાસણી કરી એક જ વખતમાં ઈમ્પેક્ટની કાર્યવાહી પૂર્ણ કરવી જોઈએ તેવી લોકલાગણી ઉઠવા પામી છે.

બાંધકામ અધિકૃત કરવાની પ્રક્રિયા સરળ બનાવવા મહામંડળની માંગ

શહેરના બિનઅધિકૃત બાંધકામ નિયમિત કરવા માટે તેની પ્રક્રીયા સરળ બનાવવા શહેર વસાહત મહામંડળે માંગણી કરી છે. મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર મકાનમાલિકે માલિકીની જગ્યામાં નિર્માણ કરેલા સનશેડ અંગે કોઈ ચોક્કસ માર્ગદર્શન અપાતુ નથી. મીલ્કત ધારકોને પાંચ પુરાવામાં રજૂ કરવા જણાવવામાં આવે છે. જેમાં અનઅધિકૃત બાંધકામ અંગેના કોઈ પુરાવા ઉપલબ્ધ ન થતા હોવાથી આ બાબત અર્થવિહીન છે. જ્યારે ચારેબાજુ કોમન વોલ અને જોડીયા મકાન હોવાથી ફોટા પડાવવાનું પણ મુશ્કેલ બન્યું છે. ફોર્મમાં અનઅધિકૃત બાંધકામ કે મૂળ બાંધકામનું ક્ષેત્રફળ રજુ કરવાનુ છે તે વાત સ્પષ્ટ થતી નથી. ફોર્મ 'ખ'ના મામલે પણ ઉલ્લેખ ન થતા અરજદારો દ્વીધા અનુભવી રહ્યા છે. આ માટે મુદત વધારવા પણ મહામંડળે માંગણી કરી છે. મકાનની મર્યાદામાં બનાવેલા ફેબ્રીકેશનના શેડને પણ ઈમ્પેક્ટ ફી હેઠળ આવરી લેવાની મનસ્વી નીતિ અપનાવાઈ છે. જેના પરિણામે પ્રત્યેક મકાનમાલિકે વધુ ખર્ચ કરવો પડે છે.

ખૂણે... ...ખાંચરેથી

- સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિને લઈ સ્વામી વિવેકાનંદની ફિલ્મ 'ધ લાઈટ ઓફ સ્વામી વિવેકાનંદ' પરનો ખાસ શો મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી માટે યોજાયો છે. મુખ્યમંત્રી ફિલ્મ જોતા પૂર્વે પત્રકારોને પણ મળવાના છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનરશ્રી લલિત પાડલિયા નાદુરસ્ત બન્યા છે. જો કે નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમણે આખો દિવસ કચેરીમાં કામ કર્યું હતું.
- ગાંધીનગર જિલ્લા રોગી કલ્યાણ સમિતિની આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં ડિજીટલ એકસ-રેની સુવિધાના સઘનીકરણનો નિર્ણય લેવામાં આવ્યો હતો.
- ગાંધીનગર કલેકટર ડૉ. પી. સ્વરૂપને મળવા આજે અમદાવાદના કલેકટરશ્રી ખાસ આવ્યા હતા. આ બે અધિકારીઓની મુલાકાત માત્ર ઔપચારિક હતી.
- ગાંધીનગર જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલનો આજે જન્મદિવસ હતો તેમણે અત્યંત સાદગીથી આ જન્મદિવસ ઉજવ્યો હતો.
- ગાંધીનગર તાલુકા ભાજપના વિવિધ સંગઠનોની પુનઃરચના કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિની એક બેઠક ૭મી ઓગષ્ટના રોજ શહેર પ્રમુખ મુકેશ પટેલના અધ્યક્ષસ્થાને સે-૨૨માં યોજાઈ છે.
- ગાંધીનગર જિલ્લાનો ધ્વજવંદન સમારોહ જિલ્લાની ઉદ્યોગનગરી કલોલ ખાતે યોજાયો છે. ધ્વજવંદન જિલ્લા કલેકટરશ્રીના હસ્તે કરાશે.
- નાણાંમંત્રી શ્રી નીતિન પટેલ વિદેશ પ્રવાસથી આજે પરત આવી તેમણે આખો દિવસ ઓફિસમાં કામ કર્યું હતું.

બાયસેગ સંસ્થામાં ઉપલબ્ધ સવલતોનો પૂર્ણ પણે ઉપયોગ થતો નહી હોવાનો એકરાર

ગાંધીનગર, તા. ૫

રાજ્ય સરકારની બાયસેગ સંસ્થામાં ઉપલબ્ધ સવલતોને પૂર્ણપણે ઉપયોગ થતો ન હોવાનો એકરાર કરીને રાજ્ય સરકારે તમામ વિભાગોને સામાજીક ઉત્થાનની પ્રવૃત્તિઓમાં કઈ રીતે ગુણાત્મક અને સંખ્યાત્મક સુધારો આ સંસ્થામાં ઉપલબ્ધ સવલતોનો ઉપયોગ કરીને કરવા તાકીદ કરવામાં આવી છે.

તાજેતરમાં રાજ્યના મુખ્ય સચિવના અધ્યક્ષપદે એક બેઠક મળી હતી જેમાં વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના સચિવશ્રીએ બાયસેગ અંગેનો ચિતાર આપતા જણાવ્યું હતું કે બાયસેગ ખાતે બે ચેનલોની સવલતો ઉપલબ્ધ છે. આ ચેનલોનો એક દિવસમાં ૧૦ કલાકનો વપરાશ ગણતરીમાં લેતાં વર્ષના ૨૫૦ દિવસ ગણતરીમાં લેવામાં આવેતો વાર્ષીક એક ચેનલનો ૨૫૦૦ કલાક ઉપયોગ થઈ શકે.

બે ચેનલો મળીને ૫૦૦૦ કલાક ઉપયોગ કરી શકાય હાલમાં આ બન્ને ચેનલો મળીને ૩૯૧૨ એટલે કે આશરે ચાર હજાર કલાક જેટલો ઉપયોગ થાય છે જે બન્ને ચેનલોની મળીને કુલ ક્ષમતાના ૮૦ ટકા જેટલો છે. બાકીની ૨૦ ટકા ક્ષમતાનો ઉપયોગ શિક્ષણ, આરોગ્ય, ગૃહ, મહિલા અને બાળ વિકાસ, સામાન્ય વહીવટ શ્રમ અને રોજગાર વિજ્ઞાન અને પ્રોદ્યોગિક બંદરો અને મત્સ્યોદ્યોગ ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ ક્ષેત્રોમાં થઈ શકે તેમ છે.

મુખ્ય સચિવે એવું સૂચન કર્યું હતું કે બાયસેગ ખાતે ઉપલબ્ધ સવલતોનો પુર્ણતઃ ઉપયોગ થાય તે સાથે બાળસેગ દ્વારા જે કાર્યવાહી થઈ રહી છે તેની ગુણવત્તાના સુધારાને પણ અવકાશ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર સિવિલમાં આજે 'ધલો ફિવર' બેકસીન (રસી) લેનારઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. આ વેકસીન ગુજરાતમાં અમદાવાદ સિવિલ અને ગાંધીનગર સિવિલમાં સોમવારે જ મળે છે. અમદાવાદ સિવિલ ખાતે સ્ટોક ન હોવાને કારણે રાજ્યભરમાંથી આ વેકસીન લેનારાઓ વહેલી સવારથી જ ગાંધીનગર સિવિલમાં આવી પહોંચ્યા હતા અને લાંબી કતારો લગાવી હતી.... (તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર સિવિલમાં ફિવર માટે ખાસ ઓ.પી.ડી.

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં વધતા જતા વાયરલ ફિવર, મેલેરિયા સહિતના વિવિધ ફિવરના કેસોની સંખ્યાને ધ્યાને રાખી સિવિલ સત્તાવાળાઓએ ખાસ ફિવર ઓપીડી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

સિવિલ સુપ્રિટેન્ડન્ટ ડૉ. ભરત પટેલે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મેલેરિયાના કેસોમાં ગત વર્ષની તુલનામાં ઘટાડો જોવા મળી રહ્યો છે, પરંતુ સાદો ફિવર તેમજ વાઈરલ ફિવરના કેસો વધુ મળી રહ્યા છે. તેમણે આડકતરો એકરાર કરતાં જણાવ્યું હતું કે કમળાના કેસો પણ છુટા છવાયા જરૂર મળી રહ્યા છે.

ફિવર ઓ.પી.ડી.માં સરેરાશ ૧૦૦ જેટલા કેસ આવે છે. હાલ સિવિલમાં રોજની ઓ.પી.ડી. ૧૨૦૦ થી ૧૫૦૦ જેટલી હોય છે.

ડૉ. ભરત પટેલે જણાવ્યું હતું કે ગાંધીનગર સિવિલમાં પ્રથમવાર ફિવર ઓ.પી.ડી. શરૂ કરાઈ છે જે સવારે ૯ થી ૧ અને સાંજે ૩ થી ૫ કાર્યરત રહેશે.

પક્ષીઓએ લાઈટના થાંભલા પર માળા બાંધ્યા છે. એમેનેય રાત્રે લાઈટની જરૂર પડતી હશે !.... (તસવીર : કશ્યપ નિમાવત)

ગુજરાત સરકાર કેન્દ્રને ખોટી રીતે બદનામ કરી રહી છે : શંકરસિંહ

નર્મદા વિભાગમાં ગેરવ્યવસ્થા પર ધ્યાન અપાયુ નથી : મોદીએ સરદાર સરોવર યોજનાની નહેરો માટે ૯૦ ટકા નાણાંની માંગણી કરતો પત્ર લખ્યા બાદ વાઘેલાના પ્રશ્નો

અમદાવાદ, તા.૫

ગુજરાતની ભાજપ સરકારે સરદાર સરોવર યોજનાની નહેરો માટે ૯૦ ટકા નાણાંની માંગણી કરતો પત્ર વડાપ્રધાન મનમોહનસિંહને લખ્યા બાદ ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જોરદાર વાંધો ઉઠાવ્યો છે. વાઘેલાએ મોદી સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતુ કે છેલ્લા બાર વર્ષથી પોતાના તાબા હેઠળના રાજ્યના નર્મદા વિભાગમાં ચાલતી આવેલી ગેરવ્યવસ્થા પર ધ્યાન આપવાના બદલે ગુજરાત સરકાર કેન્દ્રને બદનામ કરી રહી છે. વાઘેલાએ કહ્યુ હતુકે જ્યારે બંધ ઉપર દરવાજા મુકવાની અનુમતિ મળી છે, એનો પણ ઉલ્લેખ કરવામાં ગુજરાત સરકાર નાનમ અનુભવે છે. નર્મદા બંધના દરવાજા અંગેનો નિર્ણય નર્મદા કન્ટ્રોલ ઓથોરીટીએ લેવાનો હતો, જે રાજ્યએ કરવાના થતા વિસ્થાપિતોના પુનર્વસન ન થયેલ હોય વિલંબિત થઈ રહ્યો છે. જે માટે ગુજરાતની ભાજપ સરકારે રાજકીય લાભ મેળવવા પ્રધાનમંત્રી વિરૂદ્ધ ગમે તેવા ઉચ્ચારણો કર્યા હતા. પ્રધાનમંત્રીએ ૨૦૦૬માં નર્મદા બંધની ઉંચાઈ વધારવા માટે પરવાનગી આપી ત્યારે પણ ગુજરાતની ભાજપ સરકારે કેન્દ્રએ કરેલ કામગીરી અંગે કોઈ નોંધ લીધી નહોતી. વાઘેલાએ જણાવ્યું છે કે ગુજરાતના મુખ્યમંત્રીના પત્રમાંથી એ બાબતનો એકરાર જણાઈ આવે છે કે, સરદાર સરોવર યોજનાના કુલ

● અનુસંધાન પાન-૭ પર

કેન્દ્રની સહાયતા મોદી સરકારે ગુજરાતની પ્રજાને આપી નથી

વિગત	૨૦૦૨-૦૩	૨૦૦૩-૦૪	૨૦૦૪-૦૫
કેન્દ્રીય સહાય-ફાસ્ટ ટ્રેક પ્રોગ્રામ સિવાય	૯૦૩.૦૦	૫૫૭.૦૦	૪૩૮.૦૦
સહાયનો ગુણોત્તર - કેન્દ્ર: રાજ્ય	૨:૧	૪:૧	૪:૧
એઆઈબીપી હેઠળ થયેલો ખર્ચ	૫૪૯.૭	૬૭૪.૭૬	૫૯૨.૦૪
નાબાર્ડ હેઠળ થયેલો ખર્ચ	૦.૦૦	૨૦૯.૧૦	૨૧૯.૩૨
ફાસ્ટ ટ્રેક પ્રોગ્રામ હેઠળ થયેલો ખર્ચ	૧૦૮.૧૦	૧૦૬.૩૮	૧૦૬.૩૮
એઆઈબીપી હેઠળ થયેલો કુલ ખર્ચ	૪૪૧.૪૭	૩૫૯.૨૮	૨૬૬.૩૪
કેન્દ્રની સહાયમાંનો કેન્દ્રનો હિસ્સો	૨૯૪.૩૧	૨૮૭.૪૨	૨૧૩.૦૭
વણવપરાયેલ સહાય	૬૦૮.૬૯	૨૬૯.૫૮	૨૨૪.૯૩

સફાઈ અભિયાન માત્ર કાગળ પર જ ચાલે છે : પ્રવિણ પટેલ

મ્યુનિ. કમિશ્નરને પત્ર લખી સફાઈના મુદ્દે ચિંતા વ્યક્ત કરતા પૂર્વ ચેરમેન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરને સ્વચ્છ શહેર તરીકેની ઓળખ આપવા માટે ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટના અમલીકરણમાં થઈ રહેલા વિલંબ તેમજ શહેરની સફાઈના મુદ્દે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે મ્યુનિ. કમિશ્નરશ્રીને એક પત્ર લખી તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી છે.

શ્રી પટેલે મ્યુનિ. કમિશ્નરશ્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે ઘન કચરાના નિકાલ માટે ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા એપ્રિલમાં જણાવાયુ હતુ પરંતુ કોઈ કામગીરી થઈ હોય તેમ જણાતુ નથી. આ ઉપરાંત આ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર થાય ત્યાં સુધી સેક્ટરોના મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગોની સફાઈનું કામકાજ પણ ઠપ્પ થયુ છે તે દુઃખદ છે.

તેમણે વન વિભાગ હસ્તકની જમીનમાં વધતા જતા દબાણો અંગે પણ ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી. આ દબાણો દૂર કરવા માંગ કરી છે.

શ્રી પટેલે તેમના પત્રમાં પાંચ જેટલા મુદ્દાઓને આવરી લેતાં શહેરના સ્લમ વિસ્તાર માટે સ્લમ અપગ્રેડેશન યોજના તૈયાર કરવા માટે પણ જણાવ્યું છે. તેમણે આ મુદ્દે શહેરના ઝુંપડાઓ અંગે જરૂર પડ્યે સર્વે કરાવવા પણ કમિશ્નરશ્રીને સૂચવ્યું છે.

શ્રી પટેલે સફાઈ અંગે ઉંડી ચિંતાની લાગણી વ્યક્ત કરી પાયલોટ પ્રોજેક્ટ પણ તંત્ર દ્વારા પૂર્ણ થયો નથી તો બીજા સેક્ટરોમાં સફાઈ ક્યારે થશે તેવો પ્રશ્ન ચિંતા સ્વરૂપે વ્યક્ત કર્યો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com